શ્રી પ્રફુલ્લ બાલચન્દ્ર વોરા
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ
ટે.નં. ૨૨૬૭૦૫૧૮
મો. ૯૮૧૯૧૯૭૪૦૦

૧૧૧ - એ, મહાત્મા ગાંધી રોડ,
પહેલો માળ, મુંબઈ યુનિવર્સિટી સામે,
ફોર્ટ, મુંબઈ - ૪૦૦૦૨૩

---

શ્રી જલારામ આરોગ્ય સેવા ટ્રસ્ટ હોસ્પિટલ છેવાડાંના અને પછાત એવા મેઘરજ તાલુકામાં છે.

માર્ચ ૨૦૦૯ થી મે જલારામ આરોગ્ય સેવા ટ્રસ્ટ હોસ્પિટલના સેવા કાર્યોમાં થોડો સાથ આપવાની શરૂઆત કરી ધીમે - ધીમે ડૉ. બંસીભાઈ સાથે સંબંધ વધતા સેવા ભાવનાથી હોસ્પીટલ ચલાવવા માટે એમને કેટલી દોડાદોડ કરવી પડે છે એ હું જોઈ શક્યો. એમના અને મારા મુંબઈના સંબંધી મિત્રોને ત્યાં દાન મેળવવા હું પણ છેલ્લા ચાર વર્ષ થી એમની સાથે જાઉં છુ. પ્રેકટીસ, ઘર - બાર છોડી દસ - પંદર દીવસ મુંબઈમાં ડૉ. બંસીભાઈને ફરવું બહુ તકલીફ આપે. વર્ષમાં બે-ત્રણ વાર, બે-ત્રણ દિવસ માંટે મોટા દાતા કે બીજા કામો માટે મુંબઈમાં આવવું પડે એવધારામાં. હું વર્ષમાં બે વાર હોસ્પીટલમાં જઈ ગરીબોને ફાયદો થાય છે એ જોઉં છું, એટલે હોસ્પિટલને મદદ કરવા સંબંધી અને મિત્રોને સમજાવતો હોઉં છું.

પાંચ થી છ એમ.ડી. / એમ.એસ. ડૉકટરોને મહીને લાખ રૂા. થી વધારે પગાર અને બધીજ સગવડો સાથે ઘર હોસ્પિટલની ઉપર જ આપે છે જેથી જરૂર હોય ત્યારે ૨૪ કલાક સેવા આપી શકે. ઘર બે શયન ખંડનું, ફર્નીચર, એ.સી., ટી.વી., વગેરે સાથે આપે છે. ઓપરેશન થીયેટર્સમાં બધા અદ્યતન મશીનો હોય છે એટલે એકદમ પછાત નાના ગામમાં ગરીબો, મદયમવર્ગને સારામાં સારી ડૉકટરી સારવાર મળે છે. દાન મળતુ રહે છે એટલે લગભગ ૪૦ ટકા ખર્ચમાં ઓપરેશનો અને નીદાન થાય છે. આંખના ઓંપરેશનો બધાં મફતમાં થાય છે. મને હોસ્પિટલમાં સરસ ઝાડો તો હોવા જ જોઈએ એવી લગન છે એટલેઝાડનુ તણખલુ પણ ન હતુ ત્યાં ૧૦૦ જેટલા લીમડા, પીપડા, વડ જેવા સરસ ઝાડો ઉછેર્યા છે. વાત્રક નદીના કિનારે જ હોસ્પિટલ છે પણ ત્યાં ગંદકી છે. જો ઓછામાં ઓછું પાંચેક લાખ રૂા. નું દાન મળે તો પીંજરા સાથે મોટા ઝાડો રોપીએ તો લીલુ છમ, રળીયામણું વાતાવરણ થઈ શકે.

દર વર્ષે ત્રીસેક લાખ રૂા. દર્દીઓને રાહત દરે દવા ઓપરેશન અને સારવાર આપવા માટે જોઈએ જ પણ એક રૂા. ની એફ.ડી. અથવા કોઈ કોર્પસ ફંડ નથી. મોટા ડોકટરો અને સ્ટાફના પગાર માટે પાંચથી દસ લાખ રૂા લોન ટ્રસ્ટીઓ પાસે વર્ષમાં ત્રણ - ચાર વાર લેવી પડે. દર્દીના રાહત ફંડમાં પચાસેક લાખ રૂા. જેટલા મળે અને એ એફ.ડી.માં ૯ થી ૧૦ ટકાના વ્યાજે રોકીએ તો દાન મેળવવા માટે જે લોહીઉકાળા ડૉ. બંસીભાઈને કરવા પડે છે એમાં રાહત થાય. જોડે દાન મેળવવા ડૉ. બંસીભાઈને રજનીકાંતભાઈ અને બીજા ટ્રસ્ટીઓ, મિત્રોનો સાથતો લેવો જ પડશે. હું યથાશક્તિ ફાળો આપુ છુ અને મિત્રો પાસે મેળવી આપું છું.

ડૉ. બંસીભાઈને હું હંમેશા ફરીયાદ કરું છુ કે સ્વચ્છતા તો હોવી જ જોઈએ અને મારા મિત્ર ડૉ. શ્રીરામભાઈ પણ કહેતા હોય છેકે કે ગંદકી હોસ્પિટલની અંદર હોય કે બહાર માણસ માંદો પડે. ડૉ. બંસીભાઈની ઈચ્છા છે કે જો ૧૫ થી ૨૦ લાખ રૂા. દાન મળે તો સંપૂર્ણ હોસ્પિટલમાં ફલોરીંગ, ચાર ફુટ સુધીની ગ્લેજ ટાઈલ્સ, રૂમોનું નવીનીકરણ તથા હોસ્પિટલમાં અંદર બહારનો રંગ કરીએ તો વધુ સ્વચ્છતા રાખી શકાય. ડૉ. બંસીભાઈએ કહ્યુ કે નવીવી કુરણ થયા પછી સ્વચ્છતા માટે કોઈ ફરીયાદ નહી રહે.

Scanned by CamScanner